આઠમા પાનાથી

દ્રષ્ટિકોણ

તેઓ ચૂંટાઈ આવશે તો ધારાસભ્ય તરીકે પગાર-વેતનની રકમ સ્વીકારશે નહીં, પોતાના કે પરિવારના નામે સરકારી જમીન ખરીદશે નહીં, ગૌચર પર દબાણ કરશે નહીં, કે કોઈપણ સરકારી કે અર્ધ સરકારી કામના કોન્ટ્રાકટર ખુદ કે પરિવારના સભ્યના નામે સીધી કે આડકતરી રીતે લેશે નહીં...

આ પ્રતિજ્ઞાપત્ર મહત્ત્વના છે અને હવે જ્યારે મતદાન થઈ ગયું છે ત્યારે આપણે ૬૮ ટકા મત આપનારા નહીં પણ ૧૦૦એ ૧૦૦ ટકા મતદારો અરે માત્ર મતદારો જ શા માટે એકએક કચ્છી મળીને જે છ નેતા ચૂંટાય તેમની પાસે આગ્રહ ન રાખી શકીએ કે આવી પ્રતિજ્ઞા લે... તમે અમારા છો, અમે તમારા છીએ, કોઈ વિવાદ, વાંધો નહીં તો તમે પ્રતિજ્ઞા લો કચ્છહિત માટે ગમે ત્યારે, ગમે તેવાની સામે બોલીશું.. દેખીતા અન્યાય સામે ચૂપ નહીં રહીએ (આપણે ભૂતકાળ ભૂલી જઈએ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટટ્યૂટ મેડિકલ સાયન્સનો કચ્છપ્રવેશ, નર્મદાના વધારાનાં જળની ફાળવણીમાં તથા મૂળ ફાળવણીમાં અને કામોમાં તથા કામોની ઝડપ અને પીવાના પાણીની ચોરીમાં, મેડિકલ કોલેજમાં જે થયું તે હવે નવેસરથી આગળ વધીએ.) જો અપક્ષ વચન આપી શકતા હોય કે હું એક નહીં અનેક ધારાસભ્યો હશે, સમિતિ બનશે તો એ ઉમદા વચનના વિચારને આપ પણ 'હાઈજેક' કરો અને કચ્છહિત માટે સમિતિ રચો, પારદર્શક થઈને ધારાસભ્યપણું કે (મળે તો) મંત્રીપણું સૌના હિતમાં કરો.

અને છેલ્લે આ ચૂંટણીએ કચ્છમાં અનેક સમાજ, જ્ઞાતિઓ, પંથો, સંપ્રદાયોને એક કર્યા છે. વાત મતદાનની નથી, મત જેને આપ્યા તે ભૂલીને હવે એ ગઠબંધન, જોડાણ, આપણી ભાઈચારો સાચવી રાખીને એક 'શક્તિ'ના સ્વરૂપે સંગ્રહી ન શકાય. જ્ઞાતિવાદ ચૂંટણી પૂરતો જ જીવતો થાય છે તેને ચૂંટણી બાદ દફન કરીને પોતાની જન્મભૂમિના વિકાસનો છોડ પણ તે જ માટીમાં ન વાવી શકાય.. એ તમામ શક્તિઓને કચ્છની શક્તિ ન બનાવી શકાય.. વિચારો અને પ્રતિજ્ઞા લો.. કચ્છીયતને ઉજાગર કરવાનો આથી વધુ શ્રેષ્ઠ સમય કયો હશે !

મારગ

નથી હોતા. જો તમે લપેટાયા તો સમજો ખોવાયા. એક સુખદ ઘટના બને ને તેમાંથી જન્મતા સુખમાં તમે બે વરસ કાઢો ત્યાં તો ઈ સુખનું ખાતું ખાલી થઈ જાય. પછી દુઃખના માર્યા તમે ભટકવા માંડો ત્યાં વળી તમને કોઈ સંત મળી જાય. ઈ તમને મંત્ર આપે ને ફરી સુખની થોડી મૂડી તમારા ખાતામાં જમા થાય. તમે આડેધડ વાપરવામાં કદીએ પાછું વાળીને જોતા નથી એટલે એ મૂડી પણ વરસે-બે વરસે ખતમ થાય. તમે મેળવેલું સુખ મંત્રજનિત છે ને મંત્ર માગીને લીધેલો, ઉધારનો છે. ઈ તમારા પોતાના પ્રદેશમાંથી જન્મેલો નથી. માગીને મેળવેલું કયાં સુધી ચાલે. માગીને મેળવેલું અમૃત પણ અમરતા આપી ન શકે. જુઓ દેવોનો ઈતિહાસ. આ મંત્ર એ ઉછીની વ્યાખ્યા છે, તમારા પોતાના ઘરની નથી. એટલે મંત્રને ઘસારો લાગતાં વળી પાછા તમે ઠેરના ઠેર. એમ કરતાં કરતાં સાઈઠ ચોમાસાં નીકળી જાય ને ત્યાં તો તમે ખતમ થવાના આરે આવીને ઊભા હો. તમારા અંગ-ઉપાંગો ગળી ગયાં હોય, સુખ-દુઃખના ઝોલે ચડીને મન ચકરાવે ચડેલું હોય-સ્થિર ન હોય પછી ? માટે જ કહું છું કે સંસારમાં રહો, પણ જલકમલવતં રહો અને ચુંદડી ઓઢો તો 'પ્રીતમવરની ચુંદડી ઓઢો.' શબ્દ અને સ્વરના ઉપાસકોને હું એટલા માટે જ ઋષિ કહું છું. જે લોકો કલમના ઉપાસકો છે એમનો પરિવાર શબ્દ છે. લખવાની ક્રિયામાં અંગૂઠો ને આંગળી, શિવ અને શિવા ભેળા થતા હોય છે. ત્યારે જ શબ્દ જન્મતો હોય છે. જે લોકો સ્વરના ઉપાસકો છે એમનો પરિવાર સ્વર છે. એ સ્વર-ઘોર કયાંથી ઊઠે છે ? કેમ ઊઠે છે ? બાકી કાળક્રમે, કર્માનુસાર ઠેબાં ખાતાં ખાતાં આગળ કહ્યું તેમ પરિવાર, સગાં-સંબંધી અને મિત્રો ઊભા થતા હોય છે અને એ બધામાંથી વહેવારો જન્મતા હોય છે. તમે બધા એવો વહેવાર નિભાવવા જ અહીં ભેગા મળ્યા છો ને ? પણ એ બધી ક્રિયાઓમાં રહેવા છતાં ગુમ ન થઈ જવું. ગુમરાહ ન થઈ જવું. ખોવાઈ ન જવું. એને જ જાગૃતિ કહે છે, માટે જ-

'ગગન ગાજે ને ધોર્યું દીએ
ચૌદિશ ચમકે વીજળીયા'

'આ ઘોર એટલે શું. આ ઘોર કયાંથી ઊઠે છે ? કદીએ વિચાર્યું છે ? જે લોકો કલમના ઉપાસકો છે, સ્વરના આરાધકો છે તેઓને કહું છું કે જરા વિચારો. આ ઘોર કયાંથી જન્મે છે ? તમે કાગળ-પેન લઈને લખવા બેસો ને મગજમાં સાવ જ અંધકાર હોય તો ? શિવ અને શિવાનું સ્મરણ કરો. તમે ગાવા બેસો ને તમારું વિશુદ્ધિચક્ર સાથ ન આપે તો ? મૂલાધારના ગણેશજીનું સ્મરણ કરો. તમારી ધારણા મક્કમ હશે તો ભીતરથી ઘોર ઊઠશે જ. પણ એ સમયે વિચારજો કે ઈ ઘોર કયાંથી ઊઠે છે ? મૂલાધારમાંથી ? સ્વાધિષ્ઠાનમાંથી ? મણિપુરમાંથી ? અનાહૂત ચક્રમાંથી ? કયાંથી ? મંદ્રાતિમંદ્ર, તીવ્ર મંદ્ર ઘોર કયાં લાગે છે ? કયાં જન્મે છે ? કયો પવન એને જન્માવે છે ? એ પવનનો આશરો કોણ ?' જેટલી ઘોર ઊંડેથી જન્મે એટલી રિબામણ વધુ અને એટલો જ જન્મનારો જીવ (શબ્દ કે સ્વર) મજબૂત.'

વાત આટલે પહોંચી ત્યાં જ જે બે જીવ સંબંધે બંધાયા હતા તે મારગી બાવા સમક્ષ આશીર્વાદ લેવા ઉપસ્થિત થયા. મારગી બાવાએ બંનેને માથે હાથ મૂકયા, આશીર્વાદ આપ્યા ને પછી વાત આગળ વધારી.

'હું હમણાં હમણાં રોજ સ્નાન કરતી વખતે એક ભજન ગાઉં છું. અનાયાસે જ મારા મોઢામાં આ ભજન આવી જાય છે,

'જળ રે ચડાવું દાતા,
ઈ જળ નથી ચોખ્ખાં વાલીડા
ઈ જળ તો મારા માછલડે અભડાવ્યા
સેવા મારી માની લેજો
સ્વામી રે સૂંઢાળા તમે દેવ છો દુંદાળા
એ ખોલો મારા રુદિયાનાં તાળાં.'

'આપણને ખબર તો હોવી જોઈએ ને કે ક્રિયામાં આપણું સાધન શુદ્ધ નથી ! એનો એકરાર પણ થવો જોઈએ. એમાં દંભ ન હોવો જોઈએ. દંભ ચાલે પણ નહીં. જે ચાલે એમ નથી એને ચલાવવાનો પ્રયત્ન શા માટે કરવો ? ફરી શબ્દ અને સ્વરના કુળની વાત કરું તો આ બેયના ઉપાસકો બહુ જ રિબાતા હોય છે. તેઓની સાંસારિક રિબામણ માના અંતરિયાળ ગર્ભમાંના અંધકારમાં સહેલી મૂંઝવણ, વેઠેલા દુઃખ કરતાં અનેકગણી વધારે હોય છે. જેમ સ્વર ઊંડેથી નીકળે તેમ રિબામણ વધે. જેમ શબ્દ ઊંડા ચિંતનથી જન્મે તેમ રિબામણ વધુ. મૂલાધારમાં અગ્નિ સિવાય શું છે ? સ્વરને જે દિ' દેવદત્ત પવન અડે તે દિ' વાત પતી જાય. જેની ઘોર પકડાઈ જાય એને સંસારના વહેવાર કદી સ્પર્શે નહીં. પછી ઈ પવન મણિપુર ચક્રમાં એકાદો આંટો મારે ને આગળ વધે, ઉપર ચડે. તમે કદી વિચાર્યું છે કે કેટલા ટૂંકા સમયમાં આ ઘટના બનતી હશે ? રિબામણ બધા જીવોને છે, અવતારોને છે અને તમને, મને મનેય છે, પણ ઋષિઓની-વલી-નિજારી પુરુષોની આ રિબામણે મર્યાદા રાખી છે. અવતારોનું નિશ્ચિત અવતારી કાર્ય પૂરું થતાં એને ક્ષણનાય વિલંબ વગર હાલી નીકળવું પડતું હોય છે. અવતરોએ જે કહ્યું છે તે આપણે સાંભળ્યું છે, જે બાબતમાં તેઓ મૌન પણ રહ્યા છે ને ઈ મૌન દ્વારા જે કહ્યું છે તે આપણે કયાં સમજ્યા છીએ ? કૃષ્ણનું આવડું મોટું કુટુંબ, આવડા મોટા સંખ્યાબંધ મહારથીઓ ને પોતે પણ અવતાર ! છતાં અંત કેવો ? આટલી બધી લીલાઓ કરી, આને આમ માર્યો, પેલાને તેમ ખતમ કર્યો, 'નરોવા કુંજરોવા' કર્યું પણ અંત ? એક તીરકું ! ભલા માણસ, આ સમજો, ગીતા વાંચી-સાંભળી, સમજ્યા, સારી વાત છે પણ આ અંત સમજો, કર્મની ગતિ સમજો. પણ જે સંસારમાં લપેટાયા નથી એ ઋષિઓને જુઓ. એના પાસે મૃત્યુ આવે તો એને પૂછે, 'હાલશું ?' ઋષિને કર્તાભાવ ન હોય છતાં જનહિતનું કોઈ કાર્ય બાકી રહી ગયું હોય એવું લાગે તો એ મૃત્યુને કહે, 'બે ઘડી જરા રાહ જોઈશ ? મારે ફલાણા સંત સાથે છેલ્લી બે વાત કરવી છે.' મૃત્યુ કહે, 'ઠીક છે પણ તમે ત્યાં જશો કેમ ?' ઋષિનો જવાબ, 'એ તો જેવી હરિઈચ્છા.' ત્યારે મૃત્યુ કહે, 'હાલો, મારી પાસે વાહન છે ! પછી બેય જવાની જગ્યાએ જાય, સત્સંગ થાય, કામ પૂરું થાય એટલે ઋષિ મૃત્યુને કહે, 'હવે હાલો.' મૃત્યુ ત્યારેય પૂછે, 'બસ ? હજુ કંઈ બાકી ?' પછી ઋષિ હાથ જોડીને ઊભા રહે એટલે એને મૃત્યુ બાઈજ્જત લઈ જાય. આમ મૃત્યુ એની મર્યાદા રાખે. કારણ કે ઋષિ સંસારમાં લપેટાતા નથી અને પોતાનો ધર્મ બજાવવામાં ચૂક કરતા નથી. બોલવા જેવું બોલે છે ને કરવા જેવું કરે છે, છતાં લપેટાતા નથી. મૃત્યુ એનું મિત્ર બની જાય. આવા ઋષિઓને વટક વાળવા સાથે કોઈ લેવા-દેવા હોતી નથી. ખતમ થતાં આવડે એને માટે મૃત્યુ સમય છે, મિત્ર છે ને બાકી બધા માટે કાળ, ને કાળ એને કાપે છે. અલબત્ત પછીયે મારગમાં આવન-જાવન તો ચાલુ જ રહે છે,

'આવન-જાવનની બાવા
ગલીયું છે સાંકડી બાવા
દોહ્યલી વેળાએ ભેળા રહેજો
સદ્‌ગુરુ દાતા, શરણુંમાં લેજો.'

'સાંકળી ગલીમાંથી આવવાની ક્રિયા થાય છે. માને વેણ ઉપડે પણ જ્યાં સુધી ધરતી ગર્ભનો સ્વીકાર ન કરે ત્યાં સુધી ઈ પીડા એણે સહેવી પડે. મારા નાથે જ્યાંથી તમને અહીં મોકલ્યા છે ત્યાં ઘણું પડ્યું છે. મારા નાથે એમાંથી દોથો દોથો માટી લઈ, ચાકડે ચડાવીને તમને, મને, બધાને ઘડયા છે ને ઘડયા પછી ચાકડેથી જેમ તેમ હેઠે નથી ઉતાર્યા, હાથોહાથ કુંભારણને આપ્યા છે, ને પછી આપણને નીચે ઉતાર્યા છે, દિગંબર સ્વરૂપે ! ચુંદડી ઓઢવાની બાકી છે ? ઈ ચૂંદડી અને ઈ ઘડતરની લાજ રહી જાય તો..!

જય હો !

એક વાત

મૂંઝવણમાંથી માર્ગ કાઢવા ખાંખાંખોળાં કરતો કચ્છી કવિ પોતાના ભંડોળમાંથી ઉર્દૂ કે ગુજરાતી તો ઠીક, તત્સમ શબ્દ કાઢતો પણ જોવા મળે છે.

'રૂકન' કહેતાં ગણમેળ સાચવવા જતાં પણ એની આ પ્રકારની વ્યાકુળતા દેખાઈ આવે છે. આ બાબત એનો સૂઝભર્યો, સાચો અને સશક્ત પુરુષાર્થ કચ્છી ભાષાનું શબ્દભંડોળ વધારવામાં અને એને ગઝલ માટે પળોટવામાં ફળદાયી નીવડી શકે તો ભાષાની આવી પ્રકૃતિગત વિલક્ષણતાઓની નિરીક્ષા અભ્યાસીઓ માટે રસપ્રદ બને. ગઝલનો મિજાજ અને અભિવ્યક્તિગત આગવી છટા ઉપજાવવા માટેના કચ્છી ગઝલકારના પ્રયત્નો ભાષાસૌંદર્યને પણ પોષાક બને- આ બધું કચ્છી ગઝલને શકયતા અને સાહસની દિશા ચીંધે છે. અલબત્ત, પોતાપણું સાચવીને.

મુખપૃષ્ઠ-તસવીર-રેખાંકન બ્રી. વ્રજ સામગ્રી સહાય- વ્રજ ગજકંધ, મુદ્રણશોધન અને મુખ પૃષ્ઠ સજ્જા : લાલજી મેવાડા 'સ્વપ્ન'.

પહેલા પાનાથી

સ્પોટલાઈટ

છે, મોદી ભાજપનું પ્રતીક બની ગયા છે. તેમની નજર દિલ્હીના તખતા પર છે. તેમનું કદ કદાચ પક્ષથીય મોટું થઇ ગયું છે. રાજકીય વિશ્લેષક યોગેન્દ્ર યાદવ માને છે કે તેમનું આટલું પ્રભુત્વ લાંબાગાળે ભાજપ માટે સારી વાત નથી. યાદવ આગળ કહે છે કે પહેલાં દસ વર્ષ મોદી હિન્દુત્વ અને સંગઠનની વાત કરતા હતા, છેલ્લા વર્ષોમાં તેઓ વ્યક્તિગત પર્સનાલિટી પર ધ્યાન આપી રહ્યા છે. આર.એસ.એસ. કે સંઘ પરિવારને ઓછું મહત્ત્વ આપે છે અને તેમણે પક્ષની અંદર પોતાનો પક્ષ ઊભો કર્યો છે.

એક સમીક્ષક એમ પણ કહે છે કે દેશની રાજનીતિમાં હજી સુધી કોઇએ સેલ્ફ સેન્ટર્ડ રહીને મત માગ્યા નથી. ઈન્દિરા ગાંધીનો સૂર્ય તપતો ત્યારે ખુશામતખોર કોંગ્રેસી નેતા ઈન્દિરા ઇઝ ઈન્ડિયા... એવું કહેતાં પણ સંભવતઃ ઈન્દિરાએ કદી દેશની જનતાને પોતાને નજરમાં રાખીને મત આપવા કહ્યું નથી. મોદીની આ સ્ટાઈલ અમેરિકી પ્રમુખપદની શૈલીની છે અને દેશમાં કદાચ આગળ જતાં એક નવો ચીલો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

અલબત્ત, મોદી હજુ ગુજરાતની ચૂંટણી જીત્યા નથી. એક્ઝિટ પોલ તેમના મહાવિજયની આગાહી કરે છે પણ એક વર્ગ એવોય છે જે માને છે કે પરિણામ કંઇક અંશે અણધાર્યા હશે. મોદીવિરોધીઓ અથવા તો મોદીને નબળા પડતા જોવાનું પસંદ કરનારા લોકો માને છે કે કેશુભાઇ ફેકટર તદ્દન બેઅસર રહે એ વાત તેઓ માની શકતા નથી.

અટકળો માટે હવે ગણતરીના કલાકોને અવકાશ રહી ગયો છે. દબંગ-ટુના પ્રોમોમાં સલમાનખાન જમીન પર પગ મૂકે છે ને ધરતી ધણધણવા લાગે છે... મોદી ગુરુવારે ઈવીએમમાંથી એ રીતે લોખંડી પગ વિરોધીઓની છાતી પર ઠોકે છે કે કેમ એ જોવું રહ્યું.

...અને અગર એમ ન થયું તો ગુજરાતમાં અને દેશની રાજનીતિમાં ઘણી ઊથલપાથલ મચી જવાની.

નેપથ્ય

હવે બહુ વાયડો થા માં...એ તો તારી કાજલ પરણીને આવશે ને તું બા સાથે રહીશ તો તને ખબર પડશે....મહેશ થોડો ખીજાઇ ગયો.

વાત એમ નથી, મોટાભાઇ, કોઇપણ વ્યકિતને ટેકલ કરતાં આવડતું હોય તો વાંધો ન આવે... અતિતે કહ્યું.

સારૂ તો ચાલો ફાઇનલ...બા ને અતિત પોતાની સાથે રાખશે....સંજયે જાહેરાત કરી.

એ....ના....હો.....ના....એ શકય નથી. કાજલ અને હું તો અમદાવાદમાં એકલા જ રહેવાના છીએ.અતિતે હાથ ઉંચા કરી દીધા.

તો પછી આપણે એવું નક્કી કરીએ કે, જે બા ને રાખશે એને બા ના ભાગના રૂપિયા પણ મળશે....રમેશ બોલ્યો.

લે...એ કેવી રીતે....? સંજયે સવાલ કર્યો.

સંજયભાઇ...આપણે બા ને ચોખ્ખુ કહેશું કે, બા તમે નક્કી કરી લો કે, તમારે કોની સાથે રહેવું છે અને તમે જેની સાથે રહેશો એને તમારા ભાગના બધા રૂપિયા આપી દેવા પડશે. રમેશે ફોડ પાડયો.

આઇડિયા તો મસ્ત છે પણ કેટલા રૂપિયા મળે છે એ જોવું પડે, નહિતર બા ભારે પડી જાય. સંજય બોલ્યો.

કંઇક એવી ચર્ચા ચાલી પણ બા ને કોણ રાખશે એ બાબતે કોઇ નિર્ણય લેવાયો નહી. અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે, સીધું બા ને જ પૂછી લેવું કે એ કોની સાથે રહેશે. આ વાત નક્કી થઇ ત્યાં બા લાકડીના ટેકે ચાલતાં ઘરમાં પ્રવેશ્યા.

કપીલા વહુ જમવાનું તૈયાર હોય તો આપી દે, મને ભૂખ લાગી છે. બા એ આંખો ઉપર રહેલા ચશ્મા ઠીક કરતાં બૂમ પાડી.

એ....હા, બા લાવું છું.રસોડામાંથી કપીલાની વળતી બૂમ આવી.

બા જમીન ઉપર બેઠા. તેની નજર ટેબલ ઉપર બેઠેલા પોતાના ચારેય દિકરાઓ ઉપર પડી.

।ઓહો, આજે પણ ચારેય ભેગા જમવા બેઠા છો. જમવા બેઠા ત્યારે બા ને યાદ પણ કરી નહી?! બા એ પૂછયું.

બા, તમે માળા ફેરવતાં હતા એટલે....મહેશે બોલ્યો પણ બા એ હાથ ઊંચો કરી તેને બોલતો અટકાવ્યો.

સારૂ થયું તમારો બાપ ગયો, છુટયો....નહિતર ખાટલામાં સૂતાં-સૂતાં પોતે પણ રીબાતો હતો અને મને પણ...બા શબ્દોને ગળી ગયા, હવે તો એના વગર મને ખાલીપો લાગે છે. એ ખાલી ખાટલો જોઇને તમારો બાપ યાદ આવી જાય છે..

બા ની આંખોમાં ઝળઝળીયા આવી ગયા.

બા તમને એક વાત કરવાની છે. મહેશ બા પાસે આવ્યો.

હા, બોલ દિકરા... બા પ્રેમથી બોલ્યાં.

બા, હવે અમે બધા એવું નક્કી કરીએ છીએ કે, આ મકાન વેચીને સૌ સૌના ઠેકાણે પડી જાય.મહેશે કહ્યું.

હેં...!!!....તો શું તમે અત્યારે તમારા ઠેકાણે નથી ? બા એ વેધક સવાલ કર્યો.

ના, બા એવું નથી પણ કેટલો સમય હવે સાથે રહેવું, અતિતની નોકરી અમદાવાદ છે. સંજયની નોકરી વડોદરા છે. રમેશનો ધંધો આ નાનકડા શહેરમાં બરાબર ચાલતો નથી એટલે એને પણ મોટા શહેરમાં જવુ છે અને મારી આવતાં મહિનાથી સુરત બદલી થવાની છે એટલે બધાને એકાદ ઘર તો જોઇશે ને....મહેશે બા ને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

એમ, તો પછી...મારૂ ઘર કયાં હશે? બા એ ફરી વિસ્ફોટક સવાલ કર્યો.

જૂઓ બા આપણે આ ખાનદાની મકાન વેંચી નાખીએ એટલે કાયદેસર તમારા સહિત તેના પાંચ વારસદાર થાય. એ રૂપિયાના પાંચ ભાગ પડે. તમે અમારામાંથી કોઇપણની સાથે રહી શકો છો પણ શરત એ છે કે તમે જેની સાથે રહો એને તમારે તમારો ભાગ આપી દેવાનો....મહેશ બોલવાનું પૂર્ણ કરે એ પહેલા તો જવાળામુખી ફાટયો હોય તેમ બા ઊભા થયા.

વાહ...દિકરા...વાહ...બા એ ગુસ્સે થઇને મહેશ તરફ લાકડી ઉગામી, ।નવ-નવ મહિના તમને બધાને મેં મારા પેટમા મફત રાખ્યા અને હવે બા ને રાખવાનો વારો આવ્યો તો કિંમત માગો છો....ફટ છે મારી કૂખને કે મેં તમારા જેવા નપાવટો પેદા કર્યા....નથી વેંચવું આપણું ખાનદાની મકાન...જાવ થાય તે કરી લો....

બા નું ઉગ્ર સ્વરૂપ જોઇને ચારેય ભાઇઓ મૂંગા થઇ ગયા. બા ને કોણ રાખશે? એ સવાલ હવામાં છુમંતર થઇ ગયો.

ફિલ્મી ફ્લેશબેક

ભારતમાં વિદાય ગીતોની મહત્તા હશે. હિંદી ફિલ્મમાં વિદાય ગીતોનું પણ આગવું સ્થાન છે. એક કન્યાના લગ્ન પછીના જીવનની વાત વણાઇ છે. કહે છે : બાલમ સે મિલન હોગા, શરમાને કે દિન આયે. બાળ સહજ અલ્લડતા છોડીને શરમાવાનો સમય આવ્યો ઇંગીત કરાય છે. અહીં 'બાલમ' શબ્દ મધુર લાગે છે. જો કે આ શબ્દ હવેની ફિલ્મોમાંથી વિદાય લઇ ગયો છે.

- ચૌદવી કા ચાંદ હો (રફી) : ખૂબસુરત પત્નીને સંબોધી ગવાયેલું આ ગીત અતિ મધુર છે. એમાં સ્ત્રીના સૌન્દર્ય માટે પ્રયોજાયેલી ઉપમાઓ પણ લાજવાબ છે. આ ગીતમાં ઈન્ટરલ્યુડ લગભગ એક સરખા જ છે. ગીટાર અને જલતરંગનો રણકો આ ગીતને ઊંચાઇ બક્ષે છે. આ ગીત બેકગ્રાઉડમાં પણ સંગીત રૂપે વાગ્યા કરે છે. આ ગીતને બે ફિલ્મફેર એવોર્ડ મળ્યા પણ રવિ એનાથી વંચિત રહી ગયા. ફિલ્મની કેટલીક પ્રીન્ટોમાં આ ગીત રંગીન ફિલ્માવાયું હતું.

ચૌદવી કા ચાંદ હો, યા આફતાબ હો. જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો.

ઝુલ્ફે હૈ જૈસે કાંધ પે બાદલ ઝૂકે હુએ, આંખે હૈ જૈસે, મય કે પ્યાલે ભરે હુએ.

મસ્તી હૈ જીસ મેં પ્યાર કી તુમ વો શરાબ હો. ચૌદવી કા ચાંદ હો

ચહેરા હૈ જૈસે ઝીલ મેં હસતા હુઆ કમલ, યા ઝીંદગી કે સાજ પે છેડી હુઇ ગઝલ.

જાને બહાર તુમ કીસી શાયર કા ખ્વાબ હો. ચૌદવી કા ચાંદ હો

હોઠોં પે ખેલતી હૈ તબસ્સુમ કી બિજલીયાં, સજદે તુમ્હારી રાહ મેં કરતી હૈ કૈકશાં.

દુનિયા એ હુસ્ન ઇશ્ક તુમ હી શબાબ હો ચૌદવી કા ચાંદ હો. (ક્રમશઃ)

ત્રીજા પાનાથી

અક્ષરની ઉપાસના

પ્રધાનતત્ત્વોના બીજ વેદમાં છે અને ઋગ્વેદને આ વિધાન વિશેષરૂપે લાગુ પડે છે. પુરુષસૂકત, શ્રીસૂકત, હિરણ્યગર્ભસૂકત, અસ્યવામીયસૂકત (આત્માસૂકત), સવિતૃઉપાસનાના સૂકતો, પવમાનસૂકતો, દેવીસૂકત(વાકસૂકત), દાસદીયસૂકત, આ બધા અધ્યામવિદ્યાના અમર સર્જનો છે. કયારેય ઉપેક્ષા ન કરી શકાય તેવા માર્ગદર્શક અધિકૃત દસ્તાવેજો છે જેને ન વાંચવાથી કે અભ્યાસ ન કરવાથી એમને કશું નુકસાન નથી. પણ આપણે શું ખોઇએ છીએ તેનું આપણને ભાન પણ નથી.

વેદ કોઈ સંપ્રદાયોના ગ્રંથ નથી પણ એ તો બધા સંપ્રદાયોની માતા છે અને કોઈ પણ સંપ્રદાયના ઉત્તમ વિચારોનો આધાર છે.વેદના અભ્યાસ વિના ભારતીય અધ્યાત્મ વિદ્યાએ અને ભારતીય સંસ્કૃતિએ લગાવેલ ઉન્નત છલાંગની કલ્પના પણ આવે તેમ નથી.વેદના અભ્યાસ વિના ભારતીય શિક્ષિતનો અભ્યાસ અધુરો છે એમ કહેવામાં અતિશયોકિત નથી. મૂળભૂત વેદ તો ઋગ્વેદ જ છે.ઋગ્વેદમાંથી યજુષ એટલે કે યજ્ઞને લગતી ઋચાઓ અલગ મૂકવામાં આવી તે યર્જુવેદ, આપીને સામવેદ તૈયાર થયો. તેમાંથી કેટલાક વિશિષ્ટ સૂકતોને અલગ કરીને અથર્વવેદ સજાર્યો છે અને તેથી ઋગ્વેદને આદિવેદ પણ કહેવામાં આવે છે. ઋક્ શબ્દ ઋચ્ ધાતુ એટલે કે મૂળક્રિયાપદ પરથી બન્યો છે.જે સ્તુતિ,પ્રાર્થના,ગતિ,જ્ઞાન પ્રકાશ ઈત્યાદિ અર્થછાયાઓ ધરાવે છે.તેથી વેદમંત્રોને ઋચા કહેવામાં આવે છે.એટલે ઋચાઓના માધ્યમથી પરમજ્ઞાન આપનાર મંત્રસમૂહ એટલે ઋગ્વેદ અને વેદ એટલે પરમજ્ઞાન. (ક્રમશઃ)

ક્ષણના પારિજાત

અંધારાના મોતી વીણતાં ક્ષણના પારિજાત
પરપોટાના પંખી ચણતાં ક્ષણના પારિજાત
નવલ સૂર્યના કોમળ કિરણોને પહેરીને,
પરોઢિયે પડે પરગટતાં ક્ષણના પારિજાત
હૈયાને હિંડોળે હળવો સાદ કરીને ઠેલો દેતાં,
ગમતીલા ગીતો ગણગણતા ક્ષણના પારિજાત
પગલે પગલે પાવક પ્યાલીના પૈગામો,
બંધ આંખથી લો, સાંભળતાં ક્ષણના પારિજાત
શબ્દ-સવાયા જાત ઝરૂખડે આવી ઊભાં,
રોમરોમમાં લો, રણઝણતાં ક્ષણના પારિજાત.

-પીયૂષ ભટ્ટ

છઠ્ઠા પાનાથી

હરતાં-ફરતાં

મનમાં એવું લાગે કે તેમને ક્યાંક જોયા હતા.

અત્યારે લગ્ન પ્રસંગો જાણે- અજાણે દૂર સાઈટો પર રહેતા મિત્રો, ધંધામાં બીઝી રહેતા અને ભુજથી બહાર રહેતા લોકો જેઓને આપણે વરસોથી મળ્યા ન હોઇએ તેઓ માટે આવા લગ્ન પ્રસંગો એક મિલન સ્થળ બની રહે છે. ભોજન સાથે જૂની વાતો થાય તો ક્યાંક ઉપરછલ્લી વાતો અને આડંબર પણ દેખાય છે.

ક્યારેક એ ભુજ શહેરની ગલીઓમાં ઢોલ અને શરણાઈથી થતા મહેમાનોના સ્વાગત, ઘરના વડીલો ધોતિયું કે પાયજામા ઉપર પહેરેલા ખમીસ જાડા કોટ અને માથે કાળી ટોપી કે ફાળિયું બાંધી મહેમાનોને આવકારતા અને ક્યાં આજનો દેખાડો !

સમય સાથે ભોજન વ્યવસ્થા પણ મહેમાનોની સંખ્યા પર આધારિત હોય છે. ક્યાંક પંદરથી વીસ કાઉન્ટર તો ક્યાંક તેનાથી પણ વધારે કાઉન્ટરો હોય છે જ્યાં ઢગલાબંધ વિવિધ પ્રકારની વાનગીઓ મૂકવામાં આવે છે જેના નામ અને ટેસ્ટ પણ આપણે ક્યારે કર્યો ન હોય. ક્યાંક રસોઇયા વાનગીઓ બનાવે છે તો ક્યાંક કેટરર્સને કોન્ટ્રેક્ટ આપવામાં આવે છે. ચુલા પર લાકડાનાં બળતણ પર બનતી રસોઇઓનું સ્થાન ગેસના ચુલાઓએ લઇ લીધું છે.

વરસોથી અમારું ઘર બ્રાહ્મણોની વસ્તી વચ્ચે રહ્યું છે તેથી તેમના કેટલાક રીત-રિવાજોથી હું પરિચિત છું. જ્યારે જ્ઞાતિના કોઇ પ્રસંગે જમણવાર હોય ત્યારે પુરુષો લાલ કલરનો પીતાંબર પહેરી જૂની ડિસ્ટ્રીક્ટ કોર્ટની સામે આવેલ જ્ઞાતિની યજ્ઞશાળામાં જમવા જતા. હાથમાં ખાખરાનાં પાનની બનેલી પત્રાડી, દડિયા અને પાણીનો લોટો સાથે લઇ જતા. અને ભોજન લેતા પહેલાં ઈશ્વરની સ્તુતિ કે પ્રાર્થના કરતા.

કચ્છમિત્રના બુઝુર્ગ કટારલેખક સરોજભાઇ શુક્લને તેમના અનુભવો વિશે પૂછતાં તેમણે જણાવ્યું કે, પુરુષો પીતાંબર પહેરીને જમવા જતા સાથે પંચીયું પણ લઇ જતા. નાગરવંડીમાં આવેલ કૂવા પર પંચીયું પહેરી સ્નાન કરતા. શિયાળો હોય તો મોટા તપેલામાં પાણી ગરમ કરવામાં આવતું. અને પછી આસનિયા પર પલાંઠીવાળી લાઇનમાં બેસી પત્રાડી-પડિયામાં ભોજન લેતા. આઠ-દશ પીરસનારાઓ પાંચ-સાત મીઠાઇ, દૂધપાક, બટેટાનું શાક, દાળ, ભાત, કઢી, રાયતું, ભજિયા, ગાંઠિયા વિ. પીરસતા.

રસોઇ પણ જ્ઞાતિના જ લોકો જાતે જ બનાવતા. જમતી વખતે રસોઇના વખાણ થાય, વીટોની લ્હાણી થાય. લાડુ ખાવાના શોખીનો પીરસનારાઓને એમ પણ કહેતા 'થોડીવાર અહીં ઊભા રહો-આગળ જતા નહીં'. ફલાણા ભાઇએ બાર લાડુ ખાધા, ફલાણાએ પંદર ખાધા એવી વાતો સંભળાય. એ જમનાના તંદુરસ્ત વડીલો ઘી પણ પચાવી જતા. આજે આપણે થાળીમાં થોડી થોડી વસ્તુ લઇ ઊભા ઊભા કબૂતરની માફક ચણીએ છીએ- જમતા નથી.

મુસ્લિમોના જમણવારની વાત કરીએ તો તેમણે મોટા થાળમાં પાંચ-સાત જણ સાથે બેસી જમવાની પરંપરાને જાળવી રાખી છે. જમવાની રીતમાં કોઇ બદલાવ આવ્યો નથી. એક-બે મીઠાઇ અને બીરિયાની લગભગ પરમેનન્ટ મેન્યુ હોય. સિવાય કોઇ શ્રીમંત વ્યક્તિ પોતાના હિન્દુ મિત્રો કે સંબંધ ધરાવનારાઓ માટે વિવિધ વાનગીઓ બનાવે તે અલગ બાબત છે.

આજના જમાનામાં વાનગીઓમાં ગમે તેટલી વિવિધતા હોય, ટેસ્ટ હોય પણ વીતેલા જમાનાના બુંદીના લાડુ, મોહનથાળ, મેસુક, લાપસી, દાળભાત, કઢી, ગોલા સામે કોઇ વાનગી ટકી શકે નહીં. ભૂખ તેનાથી જ સંતોષાય.

એ સમય જતો રહ્યો અને એ હકીકત પણ સ્વીકારવી રહી કે સમય પ્રમાણે આજના પ્રસંગોમાં જમણવારમાં હજારો લોકોને બેસાડીને જમાડી ન શકાય, પીરસી ન શકાય અને રસોઇ પણ બનાવી ન શકાય. તેથી સમય પ્રમાણે બધું અનિવાર્ય બની ગયું છે.

પર્યાવરણ

સંસ્કૃતિ હજુ પણ આફ્રિકા-કેન્યાના મશાઇ વિસ્તારો, મોંગોલીયા-ચાઇના અને ભારતના કેટલાક ઘાસિયા પ્રદેશો જેવા માત્ર ગણ્યા ગાંઠ્યા પ્રદેશોમાં જીવંત રહી છે. કચ્છ પણ માલધારીયત સંસ્કૃતિનુ એક સૌથી મોટુ કેન્દ્ર છે અને બન્ની એ આ માલધારી સંસ્કૃતિનુ હૃદય સ્થાન છે. ઈતિહાસ ગવાહ છે કે જ્યાં જ્યા ખાનગીકરણ કે વ્યકિતગત હિતોને ઉત્તેજન મળ્યુ છે ત્યા સામૂહિકતાનુ પ્રાથમિક લક્ષણ ધરાવતી માલધારીયતનું મરણ થયુ છે. માલધારીયતએ બન્નીની ઓળખ છે આ ઓળખ, ત્યા શરૂ થયેલી વાડાબંધીની પ્રક્રિયાથી કેટલા વરસ જીવશે એ માલધારીઓની વર્તમાન અને ભાવિ પેઢીએ ગંભીરતા પૂર્વક વિચારવાની જરૂરત છે.

વૈજ્ઞાનિક અને વ્યવહારિક રીતે જોતા પણ એ હકિકત છે કે માલધારીયત કદી જમીનના નાના ટુકડાઓ કે નાના ભૂ-ભાગ પર પાંગરી કે વિકશી શકે નહી. માલધારીઓ મોટા જથ્થામાં પશુઓ રાખે છે, સારી નસ્લના પશુઓનું સંવર્ધન કરીને ખેડુત-પશુપાલકો જેવા બીજા સમૂદાયોને પશુઓ વેંચવા એ માલધારીયતનો પાયાનો સિધ્ધાંત છે. આમ માલધારીઓ વધુ ઢોર રાખતા હોવાથી પશુઓને ચરાવવા માટે જગ્યા કે ભૂમિ વિસ્તાર પણ વધુ જોઈએ. બન્નીના સંદર્ભમાં જોઈએ તો બન્નીના માલધારીઓ બન્નીના વિવિધ વિસ્તારોનો ઉપયોગ અલગ અલગ સિઝનમાં અલગ અલગ રીતે કરતા હોય છે. ચોમાસામાં ગામની નજીક, તો શિયાળા ઉનાળામાં ગામથી દુર કે વધુ દુર સુધી ચરિયાણ માટે ઉપયોગ કરતા હોય છે. આમ વિશાળ જમીનનો મૌસમી ઉપયોગ જ મોટી સંખ્યાના પશુઓને નિભાવી શકે છે. પશુઓ સાથે એક થી બીજી જગ્યાએ ફરતા રહેવુ અને જ્યા ઘાસ હોય ત્યા થોડો સમય પડાવ નાખીને રોકાવુ એ માલધારીયતનું પાયાનું લક્ષણ છે. આ વ્યવસ્થા ટકાઉ અને નિરંતર ચાલનારી છે જે તાજેતરના કેટલાક વૈજ્ઞાનિક અભ્યાસોથી સાબિત થયુ છે.

ઘાસ-પાણીની ઉપલબ્ધતા કે પશુઓના નિભાવની જરૂરીયાતને આધારે એક-થી બીજી જગ્યાએ ફરતા રહેવાની અને કુદરતી પરિસ્થિતિ સાથે જ પોતાના સામાજીક જીવનને અનુકુળ કરવાની લચીલી જીવનશૈલી માત્ર માલધારીઓમાં જ જોવા મળે છે. માલધારીયતના આ અભિગમને વૈજ્ઞાનિક રીતે પણ સમર્થન મળ્યુ છે, આ અભિગમને કારણે જ બન્નીમાં એક લાખથી પણ વધારે પશુઓને સરળતાથી નિભાવી શકાય છે. પણ બદલાતી પરિસ્થતિમાં પશુઓ નિર્દોષ અને મૂકત રીતે જેનો ઉપયોગ કરે છે એ વિશાળ ભૂ-ભાગ હવે સંકોચાઈ રહયો છે. અગાઉ ગાંડા બાવળે અતિક્રમણ દ્વારા જમીનને સંકોચી હવે ખાનગીકરણ અને વાડાઓ દ્વારા જમીન સંકોચાઈ રહી છે. આ રીતે જમીનનો મોટો હિસ્સો રોકાઈ જતા બન્નીના માલધારીઓનો આ ઘાસિયા ભૂમિનો મૌસમી ઉપયોગ, ખુલ્લા ચરિયાણ કે પરિસ્થિતિ પ્રમાણે અલગ અલગ ભૂ-ભાગનો ઉપયોગ કરવાની પારંપરિક વ્યવસ્થા પધ્ધતિમા મોટી રૂકાવટ ઉભી કરશે. જેથી પરિસ્થિતિને અનુકુળ થવાની માલધારીઓની પારંપરિક વ્યવસ્થા તુટી જશે, માલધારીઓની આ આગવી શકિતને રીઝીલીયન્સ પાવર પણ કહે છે. ગાંડા બાવળ પછી જમીનનું ખાનગીકરણ અને રોકડીયા પાકોની ખેતી એ બન્નીના પશુપાલન અને જીવન શૈલી માટે સૌથી મોટા ખતરા સમાન છે.

બન્ની વિશે ઘણુ લખાયુ છે અને ભવિષ્યમાં લખાશે, પણ એક વિષય પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. છેલ્લા અમુક વરસોથી બન્નીના માલધારીઓમાં થઈ રહેલ માનસ પરિવર્તન, વ્યવહાર અને વ્યવસાય પરિવર્તનએ બન્નીના લાંબા ભવિષ્ય માટે દુરગામી અને વિપરિત પરિણામો ઉભા કરશે, સાતસો વરસથી જળવાયેલ માલધારીયત સંસ્કૃતિમાં આવી રહેલ બદલાવ હવે નવી પેઢીને બન્નીના પર્યાવરણ, જૈવ વૈવિધ્યતા તેમજ કુદરતી સંશાધનોના સાતત્યસભર અને વિવેકપૂર્ણ ઉપયોગ બાબતે નવી દુવિધાઓ અને સમસ્યાઓ તરફ દોરી જશે. એક કહેવત છે કે ''ખુદ સુલતાન હી સલ્તનત કે અંત કી શુરૂઆત કરતા હૈ'' (સુલ્તાન પોતે જ પોતાની સલ્તનતના અંત માટે જવાબદાર હોય છે) અહીં બન્નીમાં જે પણ સારા નરસા પરિવર્તનો કે બદલાવો આવશે તેના માટે તો અત્યારની પેઢી જ જવાબદાર લેખાશે.

આપણા ઈતિહાસે કંઈ કેટલીયે સંસ્કૃતિઓ/સલ્તનતો પાંગરતી અને ખતમ થતી જોઈ છે, જાહીર છે કે આવી સંસ્કૃતિઓનો/સલ્તનતોનો અંત સ્વયં સમાજ પોતાના અવિચારી અને અમર્યાદ આચરણ થકી લાવે છે. બન્નીને માલધારીયતની વિરાસતને જાળવવા વર્તમાન સમાજે ઘણો સંઘર્ષ કરવો પડશે, વડીલોએ બેસીને એ બાબતે વિચાર કરવાની જરૂર છે. બન્નીને બન્ની તરીકે રહેવા દો નો માલધારીઓનો કોલ કે પ્રતિજ્ઞાનું ચુસ્ત પાલન જ માલધારી સંસ્કૃતિને બચાવી શકશે અને બન્નીને સામૂહિક તરીકે રાખવા અને માલધારી સંસ્કૃતિને બચાવવા મથતો એક મોટો સમૂહ હજુ પણ જીવંત છે જે બન્ની માટે સૌથી મોટી આશાનું કિરણ છે.

બન્નીમાં માલધારી સંગઠન અને ગ્રામપંચાયતઢોના સહિયારા પ્રયાસોથી બન્ની ભેંસની માન્યતા, દુધ ડેરીઓ, પશુમેળાઓ અને પર્યટનની બાબતે બન્નીએ પોતાની એક અલગ ઓળખ ઉભી કરી છે. બન્નીમાં સામૂહિક જમીનના ઉપયોગ અને વ્યવસ્થાપન અંગેના સવાલનુ વ્યાજબી નિરાકરણ વન અધિકાર કાનૂન-૨૦૦૬ ના અમલથી થઈ શકશે. આ કાનૂન દ્વારા ગ્રામસભાઓ માટે બન્નીને સામૂદાયિક અધિકાર હેઠળ અધિકાર પ્રાપ્ત કરવાની એક નવી દિશા ખુલી છે. આ કાનૂન હેઠળ બન્નીને સામૂહિક અધિકાર હેઠળ પ્રાપ્ત કરીને બન્નીને બન્ની તરીકે રહેવા દો ના માલધારીઓના સુત્રને સાર્થક કરવાની એક કાનૂની જોગવાઇ દેખાઇ રહી છે. આશા રાખીએ વાડાબંધીની ભુલ કરી રહેલા માલધારીઓ હોસ્પીટલના બિછાને પીડાઇ રહેલા પેલા માલધારીની પીડાને સમજીને આ પીડા ગંભીર ન બને તે માટે કંઇક જરૂર વિચારશે....